# 'SSIP 2.0 ઓરિએન્ટેશન એન્ડ સેન્સિટાઇઝેશન'

**તા. ૨૩ જુલાઈ ૨૦૨૬**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રમોટ કરવામાં આવતી **Student Startup and Innovation Policy (SSIP 2.0)** અંતર્ગત **સરકારી વિનયન કોલેજ, અમીરગઢ** ખાતે વિદ્યાર્થીઓમાં સંશોધન, નવીન વિચારસરણી અને ઉદ્યોગસાહસિકતા (Innovation & Entrepreneurship) ના ગુણો વિકસાવવાના ઉદ્દેશ્યથી વિશેષ સેન્સિટાઇઝેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના આચાર્યશ્રી **ડૉ. એન. કે. સોનારા** ના માર્ગદર્શન હેઠળ તથા SSIP કો-ઓર્ડિનેટર **ડૉ. એન. કે. જાદવ** ના સંચાલન હેઠળ આ સમગ્ર સેમિનારનું સુંદર આયોજન ડિજિટલ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વિદ્યાર્થીઓને તેમના ઇનોવેટિવ આઈડિયાને **PoC / Prototype (પ્રોટોટાઇપ)** માં ફેરવવા માટે મળતી **રૂ. ૨.૫૦ લાખ સુધીની સહાય** વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત પેટન્ટ મેળવવા માટે રૂ. ૭૫,૦૦૦/-, કોપીરાઈટ માટે રૂ. ૮,૦૦૦/-, ટ્રેડમાર્ક માટે રૂ. ૧૨,૫૦૦/- અને આંતરરાષ્ટ્રીય રજિસ્ટ્રેશન માટે રૂ. ૧.૫૦ લાખ સુધીની નાણાકીય સહાયતાની જોગવાઈઓ દર્શાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પોતાના આઈડિયા કોલેજ સ્તરની સ્ક્રુટિની કમિટી (Scrutiny Committee) સમક્ષ કેવી રીતે રજૂ કરી શકે અને ત્યારબાદ DBT દ્વારા ગ્રાન્ટ કેવી રીતે મેળવી શકે તે અંગે કમિટી દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે દેશ અને રાજ્યના જાણીતા ઇનોવેશન્સની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં **વોટર ટેપ ક્રોસ ડિઝાઇન:** શાળા કક્ષાએ પાણીનો બગાડ અટકાવવા ગાંધીનગરની છાયા ઠાકોર દ્વારા કરાયેલું ઇનોવેશન. **વીઝ ઓર્ગેનિક** સાવલી ઇન્ક્યુબેટર દ્વારા નેશનલ એવોર્ડ વિજેતા એગ્રી-સ્ટાર્ટઅપ (બેક્ટેરિયા મલ્ટિપ્લિકેશન કિટ). **દિવ્યાંગ-અનુકૂળ વોકર:** શાલિની કુમારી (પટના) દ્વારા આઈડિયાથી લઈને માસ પ્રોડક્શન સુધી પહોંચેલ દાદર ચડી શકે તેવું સીડી-વોકર. **ઇનવર્ટેડ ઇનોવેશન મોડેલ:** બાળકોના મૂળભૂત આઈડિયા (જેમ કે ફોલ્ડિંગ સીટવાળી બેગ) ને મોટા બિઝનેસ પ્લેટફોર્મ સાથે જોડીને પ્રોડક્ટ બનાવવાની રીત. **અન્ય ગ્રામીણ મોડેલ્સ:** મગફળી ઉપાડવાનું મશીન (અક્ષર એગ્રો), મિટ્ટીકૂલ ક્લે પ્રોડક્ટ્સ અને એગ્રો-ટૂરિઝમ મોડેલ્સ વગેરે વિષે માહિતગાર કરીયા હતા.

કાર્યક્રમના અંતે કૉલેજના તમામ વિદ્યાર્થીઓને પોતપોતાના નવતર વિચારો, ખાસ કરીને ગ્રામીણ અને આદિવાસી વિસ્તારની સ્થાનિક સમસ્યાઓ ઉકેલતા આઈડિયાઝને SSIP પોલિસી હેઠળ રજૂ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના તમામ (08) અધ્યાપકશ્રીઓ અને સેમ 1 અને 3 ના 58 છોકરાઓ અને 35 છોકરીઓ કુલ 93 ઉત્સાહી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

SSIP કો-ઓર્ડીનેટર
ડૉ. નિતિનકુમાર જાદવ

## 'SSIP 2.0 ઓરિએન્ટેશન એન્ડ સેન્સિટાઇઝેશન'

તા. ૨૩ જુલાઈ ૨૦૨૬


















SSIP કો-ઓર્ડીનેટર
ડૉ. નિતિનકુમાર જાદવ